મધ્યાહ્ન ભોજન યોજનાના કેન્દ્રોના ૪૫૦ કિચનશેડનું આધુનિકરણ કરવાની યોજનાની વહીવટી મંજૂરી આપવા બાબત.

સને ૨૦૧૪-૧૫:નવી બાબત.(સ્ટેટ-પ્લાન)

ગુજરાત સરકાર

**ઠરાવ ક્રમાંકઃ-મભય/૧૦૨૦૧૪/૨૧૫/૨,**

શિક્ષણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર

તા.૧૧/૦૨/૨૦૧૫.

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) ભારત સરકારના માનવ સંશાધન વિકાસ મંત્રાલયના તા.૧૫/૦૪/૨૦૧૪ના ના અ.સ પત્ર ક્રમાંકઃ નં.૭-૧૩/2013-ઇઇ.૬/(એમડીએમ ૩-૧)

(૨) કમિશનરશ્રી, મ.ભો.યો.ના તા.૧૪/૫/૨૦૧૪ના પત્ર ક્રમાંકઃ મભય/અમલ/મોર્ડન-કીચન/૧૪-૧૫/૩૯૫૪.

(૩) શિક્ષણ વિભાગના તા.૨૩/૯/૧૪ અને તા.૬/૧૨/૧૪ના સરખા ક્રમાંકના ઠરાવ.

ઠરાવઃ-

ગુજરાત રાજયની પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ગરમ તેમજ પૌષ્ટીક આહાર મળી રહે તે હેતુથી મધ્યાહ્ન ભોજન યોજના હેઠળ ગરમ અને તાજું ભોજન બનાવવા માટે કિચન શેડનું બાંધકામ કરવામાં આવે છે. પ્રાથમિક શાળાઓના કિચનશેડનું આધુનિકરણ કરવા માટે એક કિચનશેડ દીઠ રૂ.૫/-લાખ લેખે ૫૦૦ કિચનશેડ માટે સને.૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં નવી બાબતે માંગણી નં.૯, પ્લાન સદરે રૂ.૨૫૦૦/-લાખ (અંકે રૂપિયા પચ્ચીસ કરોડ પુરા)ની બજેટ જોગવાઇ કરવામાં આવેલ છે. શિક્ષણ વિભાગના સંદર્ભ-(૩)ના ઠરાવથી ૫૦ પ્રાથમિક શાળાઓના કિચનશેડનું પાયલોટ ધોરણે આધુનિકરણ કરવા માટે એક શાળા દીઠ રૂ.૫.૫૦-૬.૦૦ લાખની મર્યાદામાં વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે, જે પૈકી બાકી રહેતી ૪૫૦ પ્રાથમિક શાળાઓના કિચનશેડનું આધુનિકરણ કરવા માટે વહીવટી મંજૂરી આપવાની અને આ અંગેની યોજનાની બાકી રહેલ ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગરને હવાલે મુકવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી,

૨. કાળજી પૂર્વકની વિચારણા બાદ આ યોજના માટે સને ૨૦૧૪-૧૫ના અંદાજ પત્રમાં નવી બાબતે કરવામાં આવેલ જોગવાઇ પૈકી બાકી રહેતી ૪૫૦ પ્રાથમિક શાળાઓના કિચનશેડનું આધુનિકરણ કરવા માટે બજેટ જોગવાઇની મર્યાદામાં અને આ અંગેની યોજનાની બાકી રહેલ ગ્રાન્ટ સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પરિષદ, ગાંધીનગરને હવાલે મુકવાની આથી મંજુરી આપવામાં આવે છે.

૩. શિક્ષણ વિભાગના તા.૨૩-૯-૨૦૧૪ ના સરખા ક્રમાંકના ઠરાવની શરતો અને બોલીઓ યથાવત રહેશે.

૪. આ અંગેનો ખર્ચ સને. ૨૦૧૪-૧૫ ના અંદાજપત્રના સદર માંગણી નંબર-૯, પ્લાન-મુખ્ય સદર-૨૨૩૬-પોષણ, પેટા મુખ્ય સદર-૦૨-પોષણયુકત આહાર અને પીણાનું વિતરણ, ગૌણ સદર-૧૦૨-મધ્યાહ્ન ભોજન યોજના (૦૧)-એમડીએમ-૦૧-સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકો માટેનું મ.ભો.યો.-(આયોજન) હેઠળ ઉધારવાનું રહેશે.

૫. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૦/૦૨/૨૦૧૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહાવીરસિંહ શેખાવત)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

-- માન.શિક્ષણ મંત્રીશ્રીના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- માન. રા.ક. મંત્રીશ્રી શિક્ષણના અંગત સચિવશ્રી,સચિવાલય,ગાંધીનગર.
-- અધિક મુખ્ય સચિવશ્રી (શિક્ષણ) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર
-- અગ્ર સચિવશ્રી (ઉ.અને ટે.શિ.) ના રહસ્ય સચિવ, સચિવાલય, ગાંધીનગર.
-- કમિશનરશ્રી, મધ્યાહ્ન ભોજન યોજનાની કચેરી, ગાંધીનગર.
-- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટરશ્રી,સર્વ શિક્ષા અભિયાનની કચેરી,સેકટર-૧૭,ગાંધીનગર
-- એકાઉન્ટન્ટ જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
-- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
-- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
--સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ,
--સર્વે જિલ્લા વિકાસ અધિકરીશ્રીઓ,
--સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકરીશ્રીઓ,
--સર્વે જિલ્લા તિજોરી અધિકરીશ્રીઓ,
} કમિ.મ.ભો.યો.મારફતે.
-- શિક્ષણ વિભાગ હેઠળના સર્વે ખાતાના વડાઓ, ગાંધીનગર.
-- શિક્ષણ વિભાગ હેઠળની સર્વે શાખાઓ, સચિવાલય,ગાંધીનગર.
-- બજેટ શાખા ,નાણા શાખા શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
-- કોમ્પ્યુટર સેલ,શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર (વિભાગની વેબ સાઇટ ઉપર મુકવા સારૂ.)
-- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
-- સિલેકટ ફાઇલ.